ગાંધીનગરથી દર ગુરુવારે પ્રકાશિત થતું સાપ્તાહિક

Agnipath (Weekly) Gandhinagar

Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

ओ३म्
अस्माकं वीरा उत्तरे भवन्तु

॥ कृण्वन्तो विश्वमार्यम् ॥

# અગ્નિપથ

વર્ષ : ૧૫ અંક : ૧૫ તંત્રી : અરવિંદ કે. રાણા ● તારીખ : ૧૦-૦૪-૨૦૧૪, ગુરૂવાર R.N.I. No. GUJGUJ/2000/1951 ● કિંમત : રૂા. ૪.૦૦ ● પાના : ૪

## આર્યસમાજ, વિસાવદર દ્વારા વિનામુલ્યે યોજાયેલ નેત્રયજ્ઞ કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન

આર્યસમાજ, વિસાવદર દ્વારા દર મહિનાના છેલ્લા શુક્રવારે નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં જ નેત્રયજ્ઞના એક વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ નેત્રયજ્ઞ કેમ્પનું ઉદ્‌ઘાટન શ્રી પ્રકાશભાઈ ત્રિવેદીના હસ્તે કરવામાં આવ્યું હતુ. વિસાવદર તાલુકાના પછાત અને ગીર વિસ્તારમાં પ્રચાર કરીને દર્દીઓને વિનામૂલ્યે ભોજન, નેત્રમણી, દવા વગેરેની સેવાઓ આર્યસમાજ, વિસાવદર દ્વારા નિયમિત રીતે કરવામાં આવી રહી છે અને તેમાં અનેક લોકો પોતાની સેવા આપે છે.

આ કેમ્પમાં રાજકોટની રણછોડદાસ બાપુ હોસ્પિટલના ડૉ. શ્રી બાબુલ શેખ તથા વિસાવદરના શ્રી એમ. એમ. પટેલે દર્દીઓનું નિદાન કરીને ઓપરેશન માટે ૩૮ જેટલા દર્દીઓને રાજકોટ ખાતે મોકલવામાં આવ્યા હતા.

આ કેમ્પમાં ભોજનની સેવા ઈશ્વરકૃપા કિરાણા વાળ શ્રી કિશોરભાઈ વિઠ્ઠલાણીએ કરી હતી.

પોતાના ઉદ્‌બોધનમાં શ્રી પ્રકાશભાઈએ જણાવ્યું હતું કે, અત્યારે સમાજમાં ઘણાં લોકોને આરોગ્યલક્ષી સહાયની જરૂર હોય છે. પણ તેમને સાચી દિશા મળતી નથી. પરંતુ આર્યસમાજ, વિસાવદર દ્વારા કરવામાં આવતી આ આરોગ્યલક્ષી સેવાઓ ખરેખર પ્રશંસાને પાત્ર છે અને તે ગરીબ લોકો માટે આશિર્વાદ સમાન છે.

અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત શ્રી એમ. એન. હિરપરાએ પણ આ દુષ્કર એવા સદ્‌કાર્યમાં જે ભાઈઓ જોડાયા છે અને સેવા આપે છે તેમને ધન્યવાદ આપ્યા હતા. આ કેમ્પમાં સવિશેષ ઉપસ્થિત સિનિયર સિટિઝનના ઉપપ્રમુખ તેમજ વર્ગ - ૨ ના અધિકારી શ્રી સી. એમ. માલવિયા, એડવોકેટ શ્રી દિનુભાઈ જોષી, રાજકોટના અગ્રણી ગૃપ રાજપથના બિલ્ડરશ્રી નંદલાલ ચાવડાએ આ સેવા યજ્ઞને બિરદાવ્યો હતો.

કેમ્પને સફળ બનાવવા શ્રી જીતુપુરી ભોલેનાથબાપુ, શ્રી મણીભાઈ રીબડીયા-પ્રેમપરા, શ્રી ભીખુભાઈ લાખાણી-સરસઈ, શ્રી હંસરાજભાઈ રામાણી-કાલસારી, શ્રી સ્મિત નિમાવત, શ્રીરાહુલ વાઘેલા, તથા નુરુદીનભાઈ ખેતીએ જહેમત ઉઠાવેલ.

આગામી કેમ્પ તારીખ ૨૫મી એપ્રિલના રોજ યોજવામાં આવશે. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન આર્યસમાજ, વિસાવદરના પ્રમુખ શ્રી સુધીરભાઈ ચૌહાણે કર્યું હતું એમ શ્રી હરેભાઈ પંડ્યાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.



ઘેર બેઠા ગુરુકુલમાં લટાર મારો...

www.santodhavramvedicgurukul.com

## આર્યસમાજ, જુનાગઢ દ્વારા હડમતિયા ખાતે દિવંગત્ નરેન્દ્રભાઈ ચાવડાના દેહાવસાન નિમિત્ત શાંતિયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું

ગત તા. ૭મી એપ્રિલ ૨૦૧૪ના રોજ જુનાગઢ જીલ્લાના ઉપલેટા નજીક આવેલા હડમતિયા ગામના રહેવાસી શ્રી નરેન્દ્રભાઈ ચાવડાનું અચાનક અવસાન થતાં તેમના પરિવાર દ્વારા શાંતિયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શાંતિયજ્ઞ આર્ય સમાજ, જુનાગઢના સુશ્રી પ્રવિણાબેન વાઘેલા, સુશ્રી શોભનાબેન વાઘેલા તેમજ શાંતીભાઈ વાઘેલા દ્વારા સંપન્ન કરાવામાં આવ્યો હતો.

આ શાંતિયજ્ઞમાં ચાવડા પરિવારના સભ્યો ઉપરાંત લગભગ ૨૦૦થી વધુ લોકોએ ભાગ લઈ યજ્ઞમાં આહૂતિ આપી હતી. આ પ્રસંગે સુશ્રી પ્રવિણાબેન વાઘેલાએ યજ્ઞ કાર્ય સંપન્ન કરાવ્યા બાદ મૃત્યુ સંબંધે વિશેષ જાણકારી આપી અંધશ્રદ્ધાથી દૂર રહેવાની પ્રેરણા આપી હતી. સુશ્રી શોભનાબેન વાઘેલાએ મૃત્યુ અંગેની પત્રિકાનું વાંચન કર્યું હતું.



વૈચારિક ક્રાંતિ માટે વાંચો
મહર્ષિ દયાનંદ સરસ્વતી કૃત
સત્યાર્થ પ્રકાશ
દરેક આર્યસમાજોમાં ઉપલબ્ધ

## આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ દ્વારા ૨૮માં વાર્ષિકોત્સવમાં સંસ્થાના સ્થાપક ટ્રસ્ટી દિવંગત્ ધનજીબાપા તથા દિવંગત્ શ્રી મોહનભાઈને આદરાંજલિ અપાઈ



આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ

DAYANAND ARYA VIDYALAYA

આદરાંજલિ પત્ર

પ્રતિ,
શ્રીમતી ઝવેરબેન મોહનલાલ વેલાણી
સમસ્ત વેલાણી પરિવાર
ઘાટકોપર (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૦૮૬.

સાદર નમસ્તે,

શ્રી મોહનલાલ ના તા.૨૨-૧૨-૨૦૧૩ રવિવારના થયેલ અવસાનથી આર્યવન ને ટ્રસ્ટી ગુમાવ્યાનું દુઃખ છે. શ્રી મોહનલાલનો આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ, રોઝડ ના ટ્રસ્ટી તરીકે વર્ષો સુધી સક્રીય રહીને આર્યવનને ઉચ્ચ શિખરો સર કરાવવામાં મહત્ત્વનો ફાળો રહેલો છે. તેમની દીર્ઘદ્રષ્ટિથી તેઓ હરહંમેશ આર્ય વન ને સલાહ સૂચનો આપતા રહેતા, તેઓ વર્તમાનમાં આપણી વચ્ચે ન હોવા છતાં સ્મરણીય છે.

આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ, રોઝડ વતિથી શ્રી મોહનલાલ પાલજી વેલાણી ને શ્રદ્ધાંજલિ ના સુમન અર્પણ કરતાં તેમની સેવાને બિરદાવીએ છીએ.

શ્રી મોહનલાલ ના અધૂરાં રહેલાં કાર્યોને વેલાણી પરિવાર અને આપણે સૌ આગળ વધારશું એજ સાચી આદરાંજલિ કહેવાશે.

શ્રી મોહનલાલ ના અવસાન થી આવી પડેલ દુઃખને પરમ કૃપાળુ પરમાત્મા સહન કરવાની પરિવારને શક્તિ આપે એ જ અભ્યર્થના.

લી.
આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ

પ્રમુખ — શ્રી મનસુખ ધનજી વેલાણી
ઉપપ્રમુખ — શ્રી રતનશી દેવશી વેલાણી
મંત્રી — શ્રી જશવંત નાનજી પટેલ

સોમવાર, તા.૩૧-૩-૨૦૧૪ આર્યવનના અઠ્યાવીસમા વાર્ષિક મહોત્સવ પ્રસંગે
સ્વામી સત્યપતિજી મહારાજ, પૂજ્ય આચાર્ય જ્ઞાનેશ્વરજી એવમ્ પૂજ્ય સ્વામી વિવેકાનંદજી ના હસ્તે અર્પણ.



આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ

DAYANAND ARYA VIDYALAYA

આદરાંજલિ પત્ર

પ્રકાશ અને પ્રગતિના પુરસ્કર્તા પૂજ્ય શ્રી ધનજીબાપાને તેમના સ્વર્ગારોહણ પછી યોજાઈ રહેલા પ્રથમ વાર્ષિકોત્સવ પ્રસંગે આ આદરાંજલિ પત્ર સમર્પિત કરતાં અમે સહુ આર્યજન ગર્વ, કૃતજ્ઞતા અને સન્તોષની લાગણી અનુભવીએ છીએ.

[illegible]

પ્રમુખ — શ્રી મનસુખ ધનજી વેલાણી
ઉપપ્રમુખ — શ્રી રતનશી દેવશી વેલાણી
મંત્રી — શ્રી જશવંત નાનજી પટેલ

સોમવાર, તા.૩૧-૩-૨૦૧૪ આર્યવનના અઠ્યાવીસમા વાર્ષિક મહોત્સવ પ્રસંગે
સ્વામી સત્યપતિજી મહારાજ, પૂજ્ય આચાર્ય જ્ઞાનેશ્વરજી એવમ્ પૂજ્ય સ્વામી વિવેકાનંદજી ના હસ્તે અર્પણ.

બ્રહ્મચારી ગૃહસ્થશ્ચ વાનપ્રસ્થો યતિસ્તથા ।
એતે ગૃહસ્થપ્રભવાશ્ચત્વાર: પૃથગ્શ્રમા : ॥

મનુસ્મૃતિ ૮૭(૫૭)

**બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ આ ચારેય અલગ અલગ આશ્રમ ગૃહસ્થાશ્રમથી જ ઉત્પન્ન થયેલા છે.**

**તંત્રી સ્થાનેથી....**

## હિંસાત્મક વિરોધ

ભારતની લોકશાહીના પર્વ સમાન લોકસભાની ચૂંટણીઓ શરૂ થઈ ગઈ છે. વિવિધ તબક્કામાં યોજાઈ રહેલી આ ચૂંટણીમાં તમામ રાજકીય પક્ષોના નેતાઓ દ્વારા પ્રચારનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે.

રાજકીય પક્ષોના નેતાઓ દ્વારા આ ચૂંટણીમાં મતદારોને પોતાના પક્ષને વિજયી બનાવવા માટે વિવિધ પ્રચાર માધ્યમો દ્વારા અને જે તે મત વિસ્તારમાં રોડ શોના આયોજન કરવામાં આવી રહ્યા છે. આ ચૂંટણીમાં ભાજપના નેતૃત્વમાં એનડીએનું ગઠબંધન અને કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએના ગઠબંધન ઉપરાંત આમ આદમી પાર્ટી પણ મેદાનમાં છે. ગત વિધાનસભાની ચૂંટણીમાં દિલ્લીની સત્તા આમ આદમી પાર્ટીએ કોંગ્રેસના સહયોગથી મેળવી હતી. આ સરકાર માત્ર ૪૯ દિવસ જ ચાલી હતી. લોકોને અનેક વચનો આપીને આવેલી આમ આદમી પાર્ટીની સરકારના મુખ્યમંત્રી શ્રી અરવિંદ કેજરીવાલે જનલોકપાલ બિલના મુદ્દે રાજીનામું આપી દીધું હતું. અને લોકસભાની ચૂંટણીની તૈયારીઓમાં લાગી ગયા હતા.

લોકસભાના પ્રચાર દરમ્યાન શ્રી અરવિંદ કેજરીવાલને છેલ્લા એક મહિનામાં રોડ શો દરમ્યાન ૩ વખત આમ જનતાના ગુસ્સાનો ભોગ બનવું પડયું છે. દિલ્લીની જનતાને આપેલા વચનો તેમની સરકારના કાર્યકાળ દરમ્યાન પુરા થયા ન હોવાની લાગણી ધરાવતા દિલ્લીના અનેક લોકો આમ આદમી પાર્ટીને મત આપીને પોતે છેતરાયા હોવાનું અનુભવી રહ્યા છે. દિલ્લીના રીક્ષા ચાલકોએ શ્રી કેજરીવાલને પૂર્ણ સહયોગ કર્યો હતો. અને તેમને કેજરીવાલે આપેલા વચનોને પૂરા નહીં કરવા બદલ એક રીક્ષા ચાલકે રોડ શો દરમ્યાન જોરદાર લાફો મારી દીધો. આ લાફો એટલો જોરદાર હતો કે અરવિંદ કેજરીવાલનો ગાલ સુઝી ગયો. રીક્ષા ચાલકે તેનો ગુસ્સો વ્યક્ત કરવા જે રીત અપનાવી છે તે યોગ્ય નથી. પરંતુ નેતાઓ દ્વારા સત્તાની લાલચમાં આમ જનતાને મુર્ખ બનાવીને સત્તા હાંસલ કરવાની જે હોડ લાગી છે તેઓ માટે આ એક ચેતવણીરૂપ કિસ્સો છે.

# ઈશ્વર માટે ઉપરવાળા-નીચેવાળા-દિશાવાળા-અંદર-બહારવાળા જેવા શબ્દોના પ્રયોગ ભ્રામક છે

**વેદવાણી**

**-અવધેશપ્રસાદ પાંડેય (ગાંધીનગર)**

**ओम् उद्वयं तमसस्परि स्वः पश्यन्त उत्तरम् ।
देवं देवत्रा सूर्यमगन्म ज्योतिरुत्तमम् ॥**

ऋग्वेद (१-५०-१०/अथर्ववेद ७-५३-७)

અર્થ :- (વયં) અમે લોકો (તમસ:) પાપ અથવા અંધકારથી (પરિ) ઊપર ઉઠીને (સ્વ: પશ્યન્ત:= જ્યોતિ: દૃષ્ટવન્ત:) પ્રકાશને જોયા અને (દેવં સૂર્ય) =પરમ પ્રકાશક ઈશ્વરને (ઉદ્ અગન્મ) પ્રાપ્ત કરી લીધાં. (ઉત્તરમ્) આગળ વધીને જોયા તો (ઉત્તરં જ્યોતિ: અગન્મ) વધારે તીવ્ર પ્રકાશને પ્રાપ્ત કર્યા અને એનાથીય આગળ વધીને જોયા તો (દેવત્રા) દરેક પ્રકાશક વસ્તુઓમાં વ્યાપક (ઉત્તરમ્ જ્યોતિ: ઉગન્મ) સર્વોત્કૃષ્ટ જ્યોતિ અર્થાત્ પરમ-પ્રભુ પરમાત્માની પ્રાપ્તિ થઈ.

**(ગતાંકથી ચાલુ)** પરમાત્મા તત્વની વાત તો બહુ જ દૂર છે. સામાન્ય ભૌતિક પદાર્થો પણ આપણી આંખોને સ્પષ્ટ રીતે દેખાતા નથી. એક સુશિક્ષિત વનસ્પતિ શાસ્ત્રીને એક નાનકડા પાદડાંને જોઈને, જે-જે ગુણોનું દર્શન થાય છે, તે ગુણોનું દર્શન એક સાધારણ વ્યક્તિને થતું નથી. એક પાંદડાની અંદર રહેલી કોશિકાઓ રસ-સંવહન ખોરાક બનાવવાની પ્રણાલી, રંગ-રૂપ વગેરેની રચના, અણુ-પરમાણુઓની વ્યવસ્થા અને સમાયોજન રસાયન વિદ્યા વગેરેના દર્શન વિશેષ યોગ્યતા પ્રાપ્ત મનુષ્યને થાય છે. પરંતુ સામાન્ય વ્યક્તિને જો ઉપરોક્ત વિશિષ્ટતાઓ બતાવવામાં આવે તો કદાચ અવિદ્યા/જડતાને કારણે સ્વીકાર પણ ન કરે. પરમસૂક્ષ્મ ઈશ્વરનું દર્શન કરનાર યોગી વ્યક્તિ જ્યારે સામાન્ય વ્યક્તિ આગળ પરમાત્મા ગુણોનું વર્ણન કરે છે ત્યારે જડત્વ/અંધકાર વડે પ્રભાવિત વ્યક્તિ સ્વીકારવા તૈયાર થતો નથી. ક્યાંથી તૈયાર થાય? સમજવા કે જાણવાની તૈયારી માટે શુભ સંકલ્પ કરી પુરૂષાર્થ માટે પ્રતિબદ્ધ થાય તો ને !

અવિદ્યા વડે ઘેરાયેલા ઓલવાયેલા દીપકની જેમ અંધકારયુક્ત વ્યક્તિઓની સામાન્ય વાતોમાં ફસાઈ આંખો વડે ઈશ્વરને જોવાની સામાન્ય ચેષ્ટા કરતો સામાન્ય વ્યક્તિ આજીવન સામાન્ય સ્તરના વ્યક્તિ તરીકે રહી જાય છે.

"આસ્તિકતા" જાદૂગરની જાદૂની રીતે અચાનક પ્રાપ્ત નથી થતી. જેવી રીતે નાનકડો બાળક એક-એક અક્ષર શીખીને છેલ્લે મહાન વિદ્વાન બની જાય છે, તેવી જ રીતે ધીરે-ધીરે પુરૂષાર્થ કરતો વ્યક્તિ આધ્યાત્મિક વિકાસને પ્રાપ્ત કરી પરમાત્માનો દ્રષ્ટા (દર્શક) બની જાય છે. પહેલી કક્ષાથી પ્રારંભ કરી અન્તિમ કક્ષા સુધી પહોંચતા માટેની પ્રક્રિયાની જેમ જ આધ્યાત્મિક વિકાસ માટેની વિવિધ સ્તરીય કક્ષાઓ છે. અચાનક કૂદકો મારી "પરમાત્મા-પ્રકાશ" દર્શન અસંભવ છે.

એક ડૉકટરનો નિર્માણ ઓછામાં ઓછા ૨૫ વર્ષના વિધિપૂર્વક સતત પ્રયત્ન દ્વારા સંભવે છે; પછી જ તે રોગ અને નિદાનનું સમ્યક્ દર્શન કરવા સમર્થ બને છે. સામાન્ય વિષયો ઉપર વિશેષ યોગ્યતા બનાવવા માટે આપણે જો આટલા વર્ષોની સખત મહેનતની અપેક્ષા રાખતા હોઈએ છે, તો સૌથી સૂક્ષ્મ અને ઉત્તમ તત્વ ઈશ્વરને સમજવા, જોવા કે દર્શન કરવા માટે શું કઠોર, તપ, સાધના, સ્વાધ્યાય, ધ્યાન, ઉપાસના જેવાં સાધનોના અનુષ્ઠાનની અપેક્ષા નહીં રાખવી જોઈએ ?

કોઈપણ યોગ્યતા મેળવવા માટે સમય અને સાધનની આવશ્યકતા હોય છે. ગણિતજ્ઞ બનવું હોય તો ક્રમશ: પુરૂષાર્થ કરતાં કરતાં જ સંભવે છે. એક બાળકને ભણવું-લખવું-બોલવું એક દિવસમાં આવડી જતું નથી. રોટી, કપડા, મકાન સહિત કોઈ પણ વસ્તુ બનાવવી હોય તો બનાવવા માટેની વિદ્યા એક દિવસમાં આવડી જતી નથી. એવી જ રીતે વેદના મંત્રો કે ભજનો માત્ર ગાવાથી કે ઉપદેશકોના ઉપદેશ માત્ર સાંભળવાથી કોઈ આસ્તિક બની જતો નથી.

આ વેદમંત્રમાં ક્રમશ: વિકાસની વાત કરવામાં આવી છે. ભૌતિક સૂર્યનાં દર્શન માટે બાધક વાદળાઓની જેમ જ આધ્યાત્મિક આત્મા-પરમાત્માના દર્શન માટે આંતરિક બાધકો જવાબદાર છે. નિરર્થક વ્યક્તિને કાગળ ઉપર લખેલા શબ્દો જ્ઞાન દ્યોતક = પ્રકાશનમાં નિમિત્ત બની શકતા નથી. તે જ વ્યક્તિને જો સાક્ષર બનાવી દેવામાં આવે તો તે જ શાસ્ત્ર શબ્દો તેમણે જ્ઞાની બનાવી અંધકારથી ઊપર ઉઠાવી પ્રકાશયુક્ત કરી રાક્ષસથી દેવતા બનાવવવામાં અનિવાર્ય ભૂમિકા ભજવીએ શકે છે.

**આંખો ઉપર કરીને ઈશ્વરને જોવાની વાત કે આંગળી વડે ઈશ્વરનો ઉપર સંકેત કરવાથી અર્થાત્ ઉપરવાળો કહેવાથી સર્વપ્રકાશિત ઈશ્વર પ્રત્યે અનેક ભ્રાન્તિઓ ફેલાઈ છે.**

યમ-નિયમ જેવા મહાવ્રતોના અનુષ્ઠાન મનુષ્યને ઉપર ઉઠાવે છે. મનુષ્યના દૃષ્ટિકોણ કે અભિગમમાં ગુણાત્મક પરિવર્તન કરે છે. આવા વ્યક્તિઓમાં થતા પરિવર્તનો આપણને આશ્ચર્ય પમાડે, તેવા હોય છે. અન્યાય, અપરાધ અને પાપયુકત પ્રવૃત્તિઓથી દૂર થઈ ન્યાય, ધર્મ, અહિંસા વગેરે સત્પ્રવૃત્તિઓમાં અનુરક્ત રહેનારને વિશેષ જ્ઞાન, બળ, ઉત્સાહ મળતો જ જાય છે. સામાન્ય વ્યક્તિઓ કરતાં આવા વ્યક્તિઓમાં ક્રાંતિકારી, વિધેયાત્મક પરિવર્તનો તેમને વિશેષ શાંત, સુખી, નિર્ભય, સમાધાનયુક્ત બનાવે છે.

વિષય વાસનાઓથી ઉપર ઉઠતાની સાથે જ આત્માને જ્ઞાન-બળ-ઉત્સાહનો પ્રકાશ પ્રાપ્ત થવા લાગે છે. ઘણાં લોકો સામાન્ય લાભથી જ પુરૂષાર્થ કરતાં બંધ કરી દે છે. સામાન્યથી "ઉત્" સ્તરના પ્રકાશથી જ સંતુષ્ટ થઈ જાય છે. વેદમંત્ર કહે છે, ઉત્ થી ઉત્તર અને ઉત્તરથી ઉત્તમ ગતિ = ઉપલબ્ધિ સુધી ધૈર્યપૂર્વક પુરૂષાર્થ અવિરતપણે ચાલુ રાખો.

સૂર્ય, ચંદ્ર, વિજળી, અગ્નિ, આગિયા દીપક, આંખ વગેરેમાં વિદ્યમાન દેવત્વથી ઈશ્વરનું દેવત્વ સર્વોત્કૃષ્ટ છે, કારણ કે આ બધાનો મૂળાધાર પરમાત્મા મહાદેવ = ઉત્તમ જ્યોતિ: છે. પાપ અને અવિદ્યા અંધકારથી ઉઠીને વ્યક્તિ જ્યારે નિર્મળ થવા લાગે છે ત્યારે જે પ્રકાશ ધુંધળો હતો, હવે સ્પષ્ટ દેખાતાં નાનાકડા પ્રકાશ-પિંડોથી ઉપર ઉઠીને બ્રહ્માંડમાં વર્તમાન સર્વોત્તમ જ્યોતિની ઝલક દેખાવા લાગે છે, અને ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા, પ્રીતિ અને વિશ્વાસ સ્થિર થવા લાગે છે, અંદરથી કોઈ આકર્ષી રહ્યો છે, જગત પ્રત્યે પ્રત્યાકર્ષણ = વૈરાગ્ય થવા લાગે છે. અપર વૈરાગ્ય થતાં પર-વૈરાગ્ય સુધીની યાત્રા એટલે ઉત્, ઉત્તર અને ઉત્તરમમ્ છે. ઈન્દ્રિઓ વડે ઉત્ = જગત (વિજ્ઞાન) દેખાય છે. સમ્પ્રજ્ઞાત સમાધિમાં ઉત્તર (પ્રકૃતિ અને જીવાત્મા) દેખાય છે અને અસમ્પ્રજ્ઞાત સમાધિ = નિર્વિકલ્પ સમાધિમાં "ઉત્તમમ્" (પરમ જ્યોતિ પરમાત્મા) ઉપલબ્ધ થાય છે.

**न तत्र सूर्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः।
तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति ॥**

(मुण्डक-२/खंड-२/मं.१०)

પરમાત્મા પ્રકાશમાં એટલે કે પરમાત્મા દેવના દર્શનાર્થે સૂર્ય, ચંદ્ર, વિજળી કે ભૌતિક અગ્નિ કોઈ કામના જ નથી. પરમાત્માના કર્તૃત્વ અને વ્યવસ્થાપન શક્તિ વડે બધાં જ પદાર્થો પ્રકાશિત છે. પરમાત્મા દ્વારા પ્રકાશિત = સંચાલિત જ્યોતિ સામે બધાં આત્માઓ તેમજ પ્રકાશ પિંડોના પ્રકાશ નિસ્તેજ છે. સૂર્ય, ચંદ્ર વગેરેના પ્રકાશો તો ઉદય કે અસ્ત પામે છે, પરંતુ પરમાત્મા પ્રકાશ તો સૂર્ય, ચંદ્ર વિદ્યુત, અગ્નિ વગેરેની અનુપસ્થિતિમાં પણ પ્રકાશિત રહે છે, અર્થાત્ ઈશ્વર ક્યારેય અસ્તને પ્રાપ્ત થતો નથી. ગહન અંધકારમાં પણ ઈશ્વર પ્રકાશિત રહે છે. ઈશ્વરનો પ્રકાશ ભૌતિક પ્રકાશ નથી, તે ચૈતન્ય જ્ઞાન સ્વરૂપ પ્રકાશ છે.

સામાન્ય વ્યક્તિઓ દરેક ચળકતી વસ્તુને ઈશ્વર માનીને ભ્રમિત થઈ તેમની પૂજા-ઉપાસના કરતા દેખાય છે. સૂર્ય, ચંદ્ર, અગ્નિ વગેરેના પૂજારીઓ = ઉપાસકો પ્રકૃતિના = અંધકારના પુજારીની કોટિમાં ગણાશે. ભૌતિક પ્રકાશમાં ઈશ્વરીય તત્વનું દર્શન ન થતાં જ્ઞાન-પ્રકાશમાં જ તેમનો દર્શન સંભવી શકે છે, ભૌતિક પ્રકાશના સંસ્કાર ઈશ્વરીય દર્શન માટે મોટો અવરોધ છે.

આંખો ઉપર કરીને ઈશ્વરને જોવાની વાત કે આંગળી વડે ઈશ્વરનો ઉપર સંકેત કરવાથી અર્થાત્ ઉપરવાળો કહેવાથી સર્વપ્રકાશિત ઈશ્વર પ્રત્યે અનેક ભ્રાન્તિઓ ફેલાઈ છે. ઈશ્વર માટે ઉપરવાળા-નીચેવાળા-દિશાવાળા-અંદર-બહારવાળા જેવા શબ્દોના પ્રયોગ ભ્રામક છે. તમસથી ઉપર ઉઠીને =અન્યાય, પાપ, અપરાધ, ભ્રષ્ટાચાર, દુરાચાર, દેશદ્રોહ, પ્રજાદ્રોહ, હિંસા વગેરેથી ઉપર ઉઠીને વ્યક્તિએ ઈશ્વરની પરમ જ્યોતિને પોતાના મન અને આત્મામાં સાક્ષાત્ કરવાની વિવેકપૂર્વક ચેષ્ટા કરવી જોઈએ. અવિદ્યા=તમસ=પાપોનો અંધકાર જે વ્યક્તિમાં ક્રમશ: ઓછો થતું જાય છે, તે વ્યક્તિઓમાં કાલક્રમે અપ્રત્યાશિત વિકાસ=પ્રગતિ જોવા મળે છે. નિર્મળ દર્પણમાં જ સ્પષ્ટ પ્રતિબિંબની જેમ જ નિર્મળ મન અને આત્મામાં પરમાત્માનો પ્રત્યક્ષ થાય છે. જ્યાં સુધી અંદર અંધારું ત્યાં સુધી પરમાત્મા અનુભવાતા નથી. જ્યારે વિવેકની આંખ પ્રાપ્ત થાય છે ત્યારે જ "त्वमेव प्रत्यक्षम् । त्वमेव प्रत्यक्षम् । "અરે ! સુ સેં પ્રત્યક્ષ છે, સૂ સેં પ્રત્યક્ષ છે, અંવેં ઉત્ગંર દહજ રીસે પ્રકટ થ્યે છે. ભાવનાન્ત અતિરેકમાં અવિવેકપૂર્વક તણાઈ જનારાઓ તમસયુક્ત છે. આસ્તિક ભાવનાનો ઉદય અને વિકાસ શનૈ: શનૈ: થાય છે અને દીર્ઘકાલ સુધી શ્રદ્ધા, તપસ્યા, બ્રહ્મચર્યપૂર્વક અને અભ્યાસપૂર્વક પ્રાપ્ત થાય છે. **(પૂર્ણ)**

# ઈન્દ્ર વિરોચન કથા

પ્રાચીન સમયની વાત છે. એક વખત પ્રજાપતિએ સત્સંગીઓને આત્મા વિશે બતાવતા કહ્યું - આત્મા ચેતન, અજર, અમર, સત્યકામ તથા સત્ય સંકલ્પોવાળો છે. જે તેના સાચા સ્વરુપને જાણી લે છે તે સંસારમાં સફળ થઈ જાય છે. તેની બધી જ કામના પૂર્ણ થઈ જાય છે.

દેવતા તથા અસુર બંને પ્રજાપતિના આ સત્સંગમાં હાજર હતા. જ્યારે તે તેમના નિવાસ પર ગયા, ત્યારે સમુહમાં બેસીને તેઓએ નિશ્ચય કર્યો કે પ્રજાપતિ દ્વારા બતાવવામાં આવેલ આત્માને જાણવો જોઈએ. પરંતુ તે શું છે ? કેવો છે ? તે બધું જાણવા માટે આપણે એક પ્રતિનિધિને પ્રજાપતિની પાસે મોકલીએ. દેવોએ ઈન્દ્રને તથા અસુરોએ વિરોચનને પ્રતિનિધિ બનાવ્યા. બંને અત્યંત વિનમ્ર ભાવથી શિષ્યની જેમ પ્રજાપતિની પાસે ગયા.

**જ્યાં સુધી આત્મા શરીરમાં રહે છે ત્યાં સુધી સુખ-દુ:ખ વગેરે દ્વંદોનો અનુભવ આત્મા કરે છે. શરીરથી પૃથક થઈ જવાથી તેની અવસ્થા દ્વંદાતિત થઈ જાય છે. શરીરથી પૃથક થઈને પોતાના કરેલા પૂણ્ય કૃત્યોથી જીવાત્મા મોક્ષ સુખને પ્રાપ્ત થાય છે.**

પહેલાં તો પ્રજાપતિએ તેમને બત્રીસ વર્ષ સુધી બ્રહ્મચર્યપૂર્વક રહેવા માટે કહ્યું. જ્યારે એ તપસ્યાનો સમય પૂરો થઈ ગયો ત્યારે પ્રજાપતિને તેઓએ નિવેદન કર્યું - જે આત્મા વિશે તેમણે પહેલાં કહ્યું હતું તેને તેઓ જાણવા ઈચ્છે છે.

કોઈપણ તત્વને જાણવાનો નિયમ એ છે કે પહેલાં સ્થુળને જાણીને સૂક્ષ્મ તરફ આપણે આગળ વધવું જોઈએ. એકદમ કોઈ સૂક્ષ્મ વિષયનું જ્ઞાન સરળતાથી પ્રાપ્ત કરવું અતિ કઠિન છે. જ્યારે આપણે આકાશમાં કોઈ નાના તારાને જોવા ઈચ્છીએ તો સૌ પ્રથમ તેની નજીકનો વધારે પ્રકાશમાન નક્ષત્રને જોઈએ છીએ. ત્યારબાદ તેની નજીકનો અભિષ્ટ તારાને જોઈ શકીએ છીએ. પ્રજાપતિએ પણ આત્મા જેવા સૂક્ષ્મ તત્ત્વને જાણવા માટે આવી જ વિધી બતાવી છે. તેમણે તેમના શિષ્યને કહ્યું - જે આંખથી જોઈ શકીએ છીએ તેને જ બ્રહ્મ માનવો જોઈએ. તેના પરથી ઈન્દ્ર અને વિરોચને કહ્યું - જળમાં જો આપણે આપણા પડછાયાને જોઈ લઈએ તો શું તેને જ બ્રહ્મ માની લેવો ? જવાબમાં પ્રજાપતિએ જ્યારે હા કહી ત્યારે એ બંને ગ્લાસમાં પાણી ભરીને તેમાં પોતાના રુપને જોવા લાગ્યા. આચાર્યએ પૂછ્યું ત્યારે તેઓએ કહ્યું કે અમે માથાથી કરીને પગ સુધીનું અમારું શરીર જોઈ રહ્યા છીએ. વાત તો સાચી હતી; શરીરની આકૃતિ પાણીમાં દેખાતી હતી. હવે પ્રજાપતિએ કહ્યું સુંદર ઘરેણા અને કપડાં પહેરીને પુન: જળમાં જોવો. હવે તેમણે પાણીમાં તેમની સજાવેલી આકૃતિને જોઈ. પ્રજાપતિએ કહ્યું કે બસ આ જ વસ્ત્રો અને આભૂષણોથી સજાયેલું તમારું શરીર તે જ અમૃત અને અભય આત્મા છે. એવું સાંભળીને બંને પોત પોતાના સ્થાન પર બેસી ગયા.

પ્રજાપતિ તો બંનેની યોગ્યતાને જાણવા ઈચ્છતા હતા. શું તેઓ ઉપરોક્ત વાતથી સંતુષ્ટ થઈ જશે કે તેમના મનમાં કોઈ સંશય રહેશે કે જેના નિવારણ માટે તેઓ પુન: તેમની પાસે આવશે ?

અસુરોના પ્રતિનિધિ વિરોચન જ્યારે તેમના સાથીઓ પાસે ગયા ત્યારે તેમણે તેમના સાથીઓને કહ્યું કે આ શરીર જ આત્મા છે. આ સુંદર શરીરને આકર્ષક અને ભવ્ય બનાવવાનો જ આપણા જીવનનું લક્ષ્ય છે. તેનાથી જ આપણો આ લોક અને પરલોક સુધરશે.

વસ્તુત: આ તો અધુરી શિક્ષા હતી. શરીરની સેવા અને તેની પરિચર્યા તેમજ તેને સુંદર બનાવવું એ તો એક સિમા સુધી ઉચિત હતું. પરંતુ અસુરોની બુદ્ધિ તો આટલી જ હતી. શરીરને બધું જ માનવાવાળા અસુરોની સભ્યતાનો પણ કાળાન્તરમાં વિકાસ થયો.

પરંતુ દેવતાઓના પ્રતિનિધિ ઈન્દ્ર ઘણા બુદ્ધિમાન હતા. તેઓએ દેવ મંડળી સુધી પહોંચતા પહોંચતા વિચારી લીધું કે જો જળમાં દેખાઈ રહેલ છાયાને જ આપણે આત્મા માની લઈએ તો તેમાં પરિવર્તન તેમજ અસ્થિરતા જોઈ શકાય. શું કેવળ સુંદર વસ્ત્ર પહેરી લેવાથી જ આત્માનું સૌન્દર્ય વધી શકે છે ? અથવા શું કોઈની એક આંખ ફૂટી જવાથી તેની આત્મા પણ કાણી થઈ જાય છે ? પ્રજાપતિએ તો એવું કહ્યું હતું કે આત્મા તો અજર, અમર, નિત્ય અને પવિત્ર છે. તો પછી નષ્ટ અને અપવિત્ર થવાવાળું આ શરીર આત્મા કઈ રીતે થઈ શકે ? એવી રીતે તર્ક વિતર્ક કરતાં કરતાં ઈન્દ્ર તેના સમાધાન માટે પ્રજાપતિ પાસે પુન: ગયા. ત્યારે આચાર્ય પ્રજાપતિએ તેને પૂછ્યું ભાઈ તમે અને તમારા સાથી તો પૂર્ણ સંતુષ્ટ થઈને ચાલ્યા ગયા હતાં. હવે પાછા કેમ આવ્યા ? તેના જવાબમાં ઈન્દ્રએ કહ્યું કે તમારી બતાવેલી વાતો પૂરી સમજમાં આવી નહીં. સજાવેલા શરીરને આધારે આત્માને અલંકૃત માનીએ તો શું શરીરના અંગહિન થઈ જવાથી આત્મા પણ વિકલાંગ થઈ જાય છે ? તો પછી તેને અવ્યય અને અવિનાશી કહેવાનો શો અર્થ ?

**સ્વપ્નાં અનુભવને આપણે આત્માનો અનુભવ કેવી રીતે માની શકીએ ? આ તો બધું મનની સાથે ખીલવાડ જેવું લાગે છે. સ્વપ્નમાં કોઈ મરી જાય કે કોઈને મારી નાંખવાથી વાસ્તવમાં કોઈ મરતું નથી. આ તો બધું માનસિક સૃષ્ટિની માયાજાળ જેવું લાગે છે.**

પ્રજાપતિએ ઈન્દ્રને સાચો જીજ્ઞાસુ માન્યો. તેમણે તેને પુન: ૩૨ વર્ષ સુધી તપસ્યા કરવાનું કહ્યું. જ્યારે તેની તપસ્યા પૂર્ણ થઈ ત્યારે આચાર્યએ કહ્યું કે જોવો સ્પપ્નમાં જે દેખાય છે તે યત્ર-તત્ર વિચારે છે તે જ આત્મા છે.

ઈન્દ્ર એ વાત સાંભળીને ત્યાંથી ચાલી નીકળ્યા. પરંતુ તે રસ્તામાં જતા હતા ત્યારે તેમને પુન: શંકા ઉત્પન્ન થઈ. અરે ! પ્રજાપતિએ એ શું કહી દીધું ? સ્વપ્નાં અનુભવને આપણે આત્માનો અનુભવ કેવી રીતે માની શકીએ ? આ તો બધું મનની સાથે ખીલવાડ જેવું લાગે છે. સ્વપ્નમાં કોઈ મરી જાય કે કોઈને મારી નાંખવાથી વાસ્તવમાં કોઈ મરતું નથી. આ તો બધું માનસિક સૃષ્ટિની માયાજાળ જેવું લાગે છે. જ્યારે તેને પૂર્ણ સંતોષ ન થયો ત્યારે તે પુન: પ્રજાપતિની શરણમાં ગયા. ઈન્દ્રએ તેની શંકા દર્શાવીને કહ્યું કે તમે મને વાસ્તવિકા આત્મતત્ત્વનો ઉપદેશ આપો.

આ વખતે પ્રજાપતિએ તેમને સુષુપ્તિ અવસ્થાનાં અનુભવોને જ આત્મિક અનુભવ માની લેવા તેવું કહ્યું. પરંતુ આ કથનથી પણ ઈન્દ્રને સંતોષ ન થયો. એથી પ્રજાપતિએ તેને પુન: પાંચ વર્ષ સુધી બ્રહ્મચર્ય તપસ્યા કરવા જણાવ્યું. આમ, ઈન્દ્રએ કુલ ૧૦૧ વર્ષ સુધી તપસ્યા કરી. આ લાંબી તપસ્યાબાદ પ્રજાપતિએ તેને શરીરની મરણશીલતા અને આત્માની અમરતા વચ્ચેનું અંતર બતાવ્યું. તેમણે તે પણ કહ્યું કે જ્યાં સુધી આત્મા શરીરમાં રહે છે ત્યાં સુધી સુખ-દુ:ખ વગેરે દ્વંદોનો અનુભવ આત્મા કરે છે. શરીરથી પૃથક થઈ જવાથી તેની અવસ્થા દ્વંદાતિત થઈ જાય છે. શરીરથી પૃથક થઈને પોતાના કરેલા પૂણ્ય કૃત્યોથી જીવાત્મા મોક્ષ સુખને પ્રાપ્ત થાય છે. જેવી રીતે રથમાં જોતરેલા ઘોડા તેનાથી અલગ થઈ સ્વતંત્રતાનો અનુભવ કરે છે તેવી રીતે આત્મા પણ શરીરના ભૌતિક બંધનોથી પૃથક થઈને પરમાત્માની નિકટ જાય છે ત્યારે અનિર્વચનીય સુખનો અનુભવ કરે છે. પરમાત્માને પામી લેવો તે જ જીવનો પરમ પુરુષાર્થ છે. તેને મેળવીને પુન: જીવ જન્મ મરણના ચક્રમાંથી મુક્ત થઈ જાય છે.

**સૃષ્ટિ સંવત ૧,૯૬,૦૮,૫૩,૧૧૫ના નવા વર્ષ નિમિત્તે**

**હાર્દિક આમંત્રણ**

**"વૈદિક પરિવાર" દ્વારા આયોજિત**

**સ્નેહ મિલન સમારોહ**

તારીખ : ૧૮મી એપ્રિલ, ૨૦૧૪

સમય : સાંજે ૬ : ૦૦ થી ૮ : ૩૦

: સ્થળ :

**બલરામ ભવન, સેક્ટર - ૧૨, ગાંધીનગર**

કાર્યક્રમના અંતે સ્વરૂચી સાત્વિક ભોજન આપણે સૌ સાથે કરીશું.

# "બસ માત્ર છ જ મહિનાની જેલ ! આટલા બધા પરિશ્રમની આટલી જ બક્ષીસ."

વાસંતીદેવીએ થાળી પીરસી. પંગતમાં દાસબાબં, સુભાષ,૫ હેમંત અને દાસના સંતાનો બેઠાં હતાં. ઉપરથી કડક દેખાતા ચિતરંજનદાસ જમતી વખતે પ્રેમાળ પિતા બની જતાં. એમણે પોતાની થાળીમાંથી સંદેશ લઈને સુભાષની થાળીમાં મૂક્યો. ઘર તરફ પાછા ફરતાં સુભાષના અંતરમાં ઉલ્લાસ વ્યાપી ગયો. એને જેવા જોઈતા હતા તેવા જ ગુરુ મળી ગયા. સુભાષબાબુની શંકાઓનું સમાધાન દેશબંધુએ કર્યું. સુભાષ આ પહેલી મુલાકાતમાં જ દેશબંધુના શિષ્ય બની ગાય. દેશબંધુએપણ આ યુવાનની શક્તિઓ પારખી લીધી. દેશબંધુ દાસબાબુએ સુભાષને બંગાળ પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રચારકની જવાબદારી સોંપી તથા રાષ્ટ્રીય વિદ્યાપીઠમાં નેશનલ (નેશનલ કોલેજ) પ્રિન્સિપાલ પદે નિયુક્ત કર્યા. તેમણે બંને કામગીરી નિષ્ઠાપૂર્વક અને અસરકારક રીતે બજાવી. થોડા સમયમાં તેઓ બંગાળના યુવા નેતા બની ગયા અને બંગાળના નેતાઓમાં અગ્રપદ મેળવી લીધું. આઝ)દીની ચળવળને વૈચારિક વેગ અપાવી લોકચાહના મેળવી લીધી.

૧૭ નવેમ્બર, ૧૯૨૧ ના રોજ બ્રિટનના પાટવી કુંવર (પ્રિન્સ ઓફ વેલ્સ) ભારતની મુલાકાતે આવ્યા. આખા દેશે તેની યાત્રાનો બહિષ્કાર કર્યો. કલકત્તા શહેરમાં હડતાલ પડી. સરકારનું દમન શરૂ થયું. કોંગ્રેસ પર પ્રતિબંધ મૂકાયો. પ્રતિબંધ સામે સત્યાગ્રહના આંદોલનમાં સુભાષનું નેતૃત્વ ખીલી ઉઠ્યું. ૧૦મી ડિસેમ્બરે તેમની ધરપકડ



## ભારતની સ્વતંત્રતાના વીર નાયક
## સુભાષચંદ્ર બોઝ
-ચૈતન્ય દેસાઈ (૫)

થઈ અને છમાસની સજા થઈ. ત્યારે મેજિસ્ટ્રેટને તેમણે હસતાં હસતાં કહ્યું. "બસ માત્ર છ જ મહિના ! આટલા બધા પરિશ્રમની આટલી જ બક્ષીસ."

જેલમાં સુભાષબાબુ અને દાસબાબુ વધુ નજીક આવ્યા. દેશબંધુના પ્રભાવક નેતા તરીકે ગુણોનો પરિચય સુભાષે મેળવ્યો. લોકો સાથે હૃદયપૂર્વકનો સંબંધ, સહાય કરવાની તત્પરતા સંગઠન શક્તિ તથા સ્વીકારેલા ધ્યેયની સ્પષ્ટતા અને તેને માટે સર્વસ્વ અર્પણ કરવાની તૈયારી વગેરેથી સુભાષબાબુ પ્રભાવિત થયા.

ગાંધીજીએ શરૂ કરેલું સત્યાગ્રહ આંદોલન ચાલુ રહ્યું. પણ એની વચ્ચે એક ઘટના એવી બની જેથી ગાંધીજીએ આંદોલન પાછુ ખેચ્યું. ૧૯૨૨ની ચોથી ફેબ્રુઆરીએ ગોરખપુર જિલ્લાના ચૌરી અને ચૌરા નામનાં બે ગામોમાં એક બનાવ બન્યો. ગામના લોકોએ એક સરઘસ કાઢ્યું. તેઓ સુત્રોચ્ચાર કરી રહ્યા હતા. ચોરી-ચૌરા ગામના પોલિસોએ લોકોને અટકાવ્યા અને તેઓને સરઘસ વિખેરી પોતપોતાના ઘેર જવા કહ્યું. ગામના એકત્ર થયેલા ૧૫૦૦ માણસોએ પોલિસનો હુકમ માન્યો નહીં કારણ કે તેઓને પોલિસની આજ્ઞા નહીં માનવાની શિખામણ મળી હતી. જ્યારે ગામલોકોએ વિખેરાઈ જવાની ના પાડી ત્યારે પોલિસોએ ગોળી ચલાવી. ગોળીઓ પૂરી થઈ ત્યાં સુધી પોલિસો ગોળી ચલાવતા રહ્યા. ત્રણ જણ મરી ગયા અને કેટલાક ઘાયલ થયા. ગોળી ખલાસ થઈ ત્યારે પોલીસો પોલિસ સ્ટેશનની અંદર ચાલ્યા ગયા. લોકો થાણા પાસે પહોંચી ગયા અને તેમણે પોલિસોને થાણાની બહાર આવવા કહ્યું. સ્વાભાવિક છે કે પોલિસોએ બહાર આવવાની ના પાડી. ત્યારે ગામજનોએ થાણામાં આગ લગાડી અને ૨૩ સિપાઈને જીવતા સળગાવી દીધા. એક પોલિસ બહાર રહી ગયો હતો. તે નાસીને ગોરી ઝંડા પોલિસ સ્ટેશન પર ગયો. ત્યાં આ આપત્તિની જાણ કરી.

જયારે ગાંધીજીએ આ ખબર સાંભળી તો તેમણે કોઈને પૂછ્યા સિવાય સત્યાગ્રહ આંદોલન બંધ કરી દીધું. વેગ પકડતા આંદોલનને સમેટવાની જાહેરાતથી બંને બંગાળી નેતાઓએ આઘાતની લાગણી અનુભવી. કારાવાસ પછી સુભાષ છૂટ્યા ત્યારે બ્રિટિશ જેલે એમને વજ્ર સમા કઠોર બનાવી મૂક્યા હતાં. છતાંય એમનું હૈયું તો ફૂલ જેવું કોમળ જ હતું.

બહાર આવતાં જ એક ભગીરથ કાર્ય સુભાષ સામે આવી પડ્યું. બંગાળમાં મહા ભયંકર રેલ આવી. અનેક ગામો તણાઈ ગયા. હજારો માણસો નિરાધાર બન્યા. પૂરગ્રસ્ત બંગાળને જોઈ એ અનુકંપાથી થરથરી ઉઠ્યા. સુભાષે એ કામનો બોજો ઉપાડી અજબ વ્યવસ્થા શક્તિના દર્શન સમગ્ર બંગાળને કરાવ્યા. રાત-દિવસ જોયા વગર બંગપૂર પ્રકોપ સમિતિના કાર્યમાં લાગી ગયા. પ્રત્યેક મુશ્કેલી, આપત્તિ સુભાષને વધુને વધુ મજબૂત બનાવતી રહી, ઘડતી રહી અને લોકોને સુભાષની ક્ષમતાનો પરિચય પણ કરાવતી રહી.

(ક્રમશઃ)

---

# भद्रं कर्णेभिः शृणुयाम देवा भद्रं पश्येमाक्षभिर्यजत्राः। स्थिरैरङ्गैस्तुष्टुवाꣳसस्तनूभिर्व्यशेमहि देवहितं यदायुः।।

(यजु. अ.२५/मं.२१)

## ऋषि दयानंद वेद-पदार्थ, भावार्थ, व्याख्यान प्रदिप

३०

સંકલન : સ્વામી ધ્રુવદેવજી પરિવ્રાજક
ઉપાધ્યાય, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ

**व्याख्यान –**

(**भद्रं कर्णेभिः शृणुयाम देवाः**) हे देवेश्वर ! देव विद्वानों ! हम लोग कानों से सदैव भद्र कल्याण को ही सुनें, अकल्याण की बात भी हम कभी न सुने। हे यजनीयेश्वर ! हे यज्ञकर्त्तारो ! (**भद्रं पश्येमाक्षभिर्यजत्राः**) हम आँखों से कल्याण (मंगल सुख) को ही सदा देखें। (**स्थिरैरङ्गै०**) हे जनो ! हे जगदीश्वर ! हमारे सब अंग, उपांग (श्रोत्रादि इन्द्रिय तथा सेनादि उपांग) स्थिर (दृढ़) सदा रहें, जिनसे हम लोग स्थिरता से आप की स्तुति और आपकी आज्ञा का अनुष्ठान सदा करें। तथा (**व्यशेमहि देवहितं यदायुः**) हम लोग आत्मा, शरीर, इन्द्रिय और विद्वानों के हितकारक या विद्वानों के लिए सुख करने वाली आयु को या जीवन को अच्छे प्रकार प्राप्त हों अर्थात् सदा सुख में ही रहें।

(आर्याभि.+ऋ.दया.कृत यजु.भाष्य)

**भावार्थ १ :–**

यदि मनुष्य विद्वानों के संग से विद्वान् होकर सत्य सुनें, सत्य देखें और जगदीश्वर की स्तुति करें तो वे बहुत अवस्था वाले हों। मनुष्यों को चाहिए कि असत्य का सुनना, खोटा देखना, झूठी स्तुति और व्यभिचार कभी न करें। (ऋ.दया.कृत यजु.भाष्य)

**पदार्थ :–**

हे (**यजत्राः**) हे यज्ञकर्ताओं (**देवाः**) विद्वानों ! आप लोगों के संग से (**तनूभिः**) बढ़े हुए बालों वाले शरीरों से (**स्थिरैः, अङ्गैः**) निश्चल या दृढ़ सिर आदि अङ्गों से अथवा ब्रह्मचर्यादि के नियमों से (**तुष्टुवांसः**) पदार्थों के गुणों की स्तुति करते हुए हम लोग (**कर्णेभिः**) कानों से (**यत्**) जो (**भद्रम्**) कल्याणकारक पढ़ना-पढ़ाना है उसको (**श्रृणुयाम**) सुने-सुनावें (**अक्षभिः**) बाहरी और भीतरी आखों से जो (**भद्रम्**) शरीर और आत्मा का सुख है उसको (**पश्येम**) देखें। इस प्रकार विस्तृत बल वाले शरीरों और दृढ़ अङ्गों से जो (**देवहितम्**) विद्वानों का हित करने वाली (**आयुः**) अवस्था है उसका (**वि अशेम**) बार-बार प्राप्त होवें।

(ऋ.दया. कृत ऋ.भाष्य)

**भावार्थ २ :–**

विद्वान्, आप्त और सज्जनों के संग के बिना कोई सत्यविद्या का वचन, सत्यदर्शन और सत्यनिष्ठ या सत्यव्यवहारमय अवस्था को नहीं पा सकता और न इनके बिना किसी का शरीर और आत्मा दृढ़ हो सकता है, इससे सब मनुष्यों को यह उक्त व्यवहार सदा वर्त्तने योग्य है। (ऋ.दया. कृत ऋ.भाष्य)

**टिप्पणी :–**

(क) मनुष्यों को क्या करना चाहिए ? इस विषय का उपदेश ईश्वर ने प्रस्तुत मन्त्र में किया है।

(ख) ईश्वराज्ञा है कि मनुष्य ब्रह्मचर्यादि नियमों के पालन से अपने शरीर व आत्मा के बल को बढ़ावें अर्थात् उन्हें दृढ़ बनाये। तथा मुझ ईश्वर की स्तुति तथा मेरी आज्ञा का अनुष्ठान सदा करते हुए बहुत अवस्था तक जीवें।

(ग) ईश्वराज्ञा है कि मनुष्य ऐसे कार्य करें जिससे उन्हें शरीर, इन्द्रिय व आत्मा का सुख होवे। कभी असत्य सुनना, बुरा देखना, झूठी स्तुति व व्यभिचार न करें।

(घ) ईश्वराज्ञा है कि मनुष्य विद्वान्, आप्त और सज्जनों के संग से सत्यविद्या, सत्यदर्शन (सत्यप्रत्यक्ष) व सत्यव्यवहार को प्राप्त हों।

(ङ) 'भद्र' शब्द भदि कल्याणे सुखे च (भ्वा.) धातु से औणादिक 'रक्' प्रत्यय करने पर सम्पन्न होता है।

'यजत्र' शब्द यज देवपूजासंगतिकरण दानेषु धातु से औणादिक 'अत्रन्' प्रत्यय करने पर निष्पन्न होता है। जिसका अर्थ है यज्ञ करने वाले। ईश्वर को भी 'यजत्र' कहते हैं सत्कार करने योग्य होने से। प्रकृति से संसार बनाने व वेदविद्यादि का दान देने से।

(ક્રમશઃ)

---

# શિક્ષણ પ્રણાલિમાં ઈશ્વર અને જીવાત્માનું જ્ઞાન અપેક્ષિત છે

**જો વ્યક્તિમાં સુધાર થાય તો કુટુંબ, સમાજ અને રાષ્ટ્રમાં સુધાર થાય. ચાર આશ્રમમાં ગૃહસ્થાશ્રમનું અતિમહત્વ છે. જો ગૃહસ્થાશ્રમ ઉત્તમ બને તો બ્રહ્મચર્યાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ, સંન્યાસાશ્રમ તેમજ અન્ય ક્ષેત્રો પણ ઉત્તમ બને છે. જો ગૃહસ્થમાં માતા પિતા ઉત્તમ અને ધાર્મિક હોય તો બાળકોનું નિર્માણ થઈ શકે છે.**

ઈશ્વર મનુષ્યોના સારા કાર્યમાં હમેશા સહાયતા કરે છે. વિદ્યાવાન મનુષ્યને ઉત્તમ કહેવાય છે. સત્સંગ કે પ્રવચનમાં વેદવિદ્ વિદ્વાનો દ્વારા અપાતા ઉપદેશને ધ્યાનથી સાંભળવું જોઈએ. શ્રવણ બાદ તે ઉપદેશનું મનન- ચિંતન કરવું જોઈએ. જરુર પડયે મનમાં ઉઠેલ શંકાઓનું સમાધાન મેળવવું જોઈએ અને પછી નિભ્રાન્ત થયેલ જ્ઞાન મુજબ આચરણ કરવું જોઈએ. શ્રવણ, મનન, નિદિધ્યાસન અને સાક્ષાત્કાર આ ચાર પ્રકારે વિદ્યા પ્રાપ્ત થાય છે. આ એક ઉત્તમ વૈજ્ઞાનિક ઋષિ પ્રક્રિયા છે.

મનુષ્ય ધન આદિ ઐશ્વર્યથી નહિ, પરંતુ ઉત્તમ આધ્યાત્મિક જ્ઞાનથી મહાન બને છે. માનવનિર્માણની શરુઆત વ્યક્તિથી શરુ થાય છે. જો વ્યક્તિમાં સુધાર થાય તો કુટુંબ, સમાજ અને રાષ્ટ્રમાં સુધાર થાય. ચાર આશ્રમમાં ગૃહસ્થાશ્રમનું અતિમહત્વ છે. જો ગૃહસ્થાશ્રમ ઉત્તમ બને તો બ્રહ્મચર્યાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ, સંન્યાસાશ્રમ તેમજ અન્ય ક્ષેત્રો પણ ઉત્તમ બને છે. જો ગૃહસ્થમાં માતા પિતા ઉત્તમ અને ધાર્મિક હોય તો બાળકોનું નિર્માણ થઈ શકે છે. શાસ્ત્રો પણ કહે છે કે માતા પોતાના બાળકને જન્મથી લઈ ૫ વર્ષ સુધી સારી રીતે પ્રેમપૂર્વક લાલન-પાલન કરી સુસંસ્કારિત કરે. ૫ વર્ષથી લઈ ૧૧ વર્ષ સુધી પિતા બાળકને સદાચારપૂર્વક શિક્ષા આપી ઉત્તમ બનાવે. ૧૧ વર્ષ પછી બાળકને આચાર્ય-ગુરુજનો પાસે મોકલી વિદ્યાવાન બનાવે. જો આ પ્રમાણેનું આચરણ કરવામાં આવે તો બધા જ ક્ષેત્રો - આશ્રમો નિઃશંક ઉત્તમ બનશે. ગૃહસ્થાશ્રમના કર્તવ્યો ધર્મશાસ્ત્રોમાં લખેલ છે જેના આચરણથી મનુષ્યની બુદ્ધિનો વિકાસ, સ્વભાવ પરિવર્તન અને આધ્યાત્મિકતા આવી શકે અને શ્રેષ્ઠ દિવ્ય ગુણો ધારણ કરી સુખી અને આનંદિત થઈ શકે છે.

પ્રત્યેક મનુષ્યે કરવા યોગ્ય કાર્યો કરતા પહેલા પ્રારંભે, મધ્યમાં અને સંપન્ન થયે ઈશ્વરને ધન્યવાદ કરવા જોઈએ. માનવનિર્માણ આધ્યાત્મિકતા વિના સંભવી શકે નહિ. વૈજ્ઞાનિકોમાં અનેક સારા ગુણો હશે, પરંતુ જે આદર્શ અનુકરણીય ગુણો ઋષિ કણાદ, ગૌતમ, પાતંજલ આદિમાં હતા તે હોઈ શકે નહિ, કારણ કે તેઓ ઈશ્વરની સત્તાનો સ્વીકાર કરતાં નથી. આસ્તિકતા અને આધ્યાત્મિકતા સ્વીકાર્યા વિના ઉત્તમ ગુણોનું ગ્રહણ સંભવી શકે નહિ. ઋષિઓના ગ્રંથો, તેઓની દિનચર્યા, આચરણ, ઉપદેશો અને ચિંતન જુઓ તેમાં અનેક પ્રકારની ઉત્તમોત્તમ દિવ્ય વિદ્યાઓ અને અનુભૂત જ્ઞાનનો સુમેળ હોય છે. ધ્યાન દો, વિના ઈશ્વર સહાયતાએ વૃક્ષનું એક પત્તું પણ હાલી શકતું નથી. પ્રત્યેક જડ-ચેતન કાર્યમાં ઈશ્વરની સહાય હોય જ છે.



આર્યસમાજનો પ્રથમ નિયમ દર્શાવી રહ્યો છે કે સર્વ સત્ય વિદ્યાઓનું આદિ મૂળ પરમેશ્વર છે. વેદ ઈશ્વરપ્રદત્ત અપૌરુષેય છે. બધી સત્ વિદ્યાઓનું બીજ વેદ છે. બધા શાસ્ત્રો વેદથી પ્રમાણિત હોવા જોઈએ. ઈશ્વર, જીવ અને પ્રકૃતિ ત્રણેય વસ્તુતઃ પદાર્થ છે. આ ત્રણેય પદાર્થ અનાદિ છે. પરંતુ ધ્યાન રહે, આ ત્રણ પદાર્થોનું આદિ મૂળ ઈશ્વર નથી. આદિ મૂળનું મૂળ હોઈ ન શકે. જેનો આરંભ અને અંત ન હોય તેને અનાદિ કહેવાય. અનાદિ પદાર્થ નિત્ય હોય છે. આ પ્રકારનું શુદ્ધ જ્ઞાન ગૃહસ્થાશ્રમમાં બાળકોને આપતા રહો. તેઓમાં ધાર્મિક સંસ્કાર ભરતા જાઓ. તમે દિવ્ય વિચારોનું સંપાદન કરો, ઉંચા સંકલ્પો રાખો, ઉંચી યોજનાઓ બનાવો અને ઉત્તમ દિવ્ય મનુષ્યનું નિર્માણ કરો. માનવ નિર્માણ દરેક આશ્રમનો પાયો છે જેના પર સુખ, શાંતિ અને પ્રસન્નતારુપી ઈમારત ખડી થઈ શકે છે. કૃષ્ણનું જીવન જુઓ, કેટલું દિવ્ય અને પવિત્ર હતું. રુકમણિ સાથે વિવાહ કર્યા પછી શ્રી કૃષ્ણએ રુકમણિને પૂછયું - 'બોલો તમને શું જોઈએ છે ?' રુકમણિએ જવાબ આપ્યો - 'આપ જેવો પુત્ર.' આ માટે બંનેએ ૧૨ વર્ષ સુધી અખંડ બ્રહ્મચર્યનું પાલન કર્યું. અંતે પ્રદ્યુમ્ન જેવા એક વીર શ્રેષ્ઠ પુત્રનું નિર્માણ કર્યું. કહેવાય છે કે જો બંને પિતા-પુત્ર એકસાથે આવતા હોય તો ખુદ રુકમણિ પણ નકકી કરી શકતી નહોતી કે આમાંથી કોણ મારો પુત્ર છે અને કોણ પતિ છે? માનવ નિર્માણ માટે ઉંચા ત્યાગ અને તપસ્યાની આવશ્યકતા રહે છે. હનુમાનનું જીવન પણ કેટલું ઉજ્વળ છે ? તેઓ વેદોના ઉત્તમ જ્ઞાતા અને સંસ્કૃતના વિદ્વાન હતા. લાંબી પૂંછડીવાળા, બંદર સમાન મુખ ધરાવતા હનુમાન હતા જ નહીં. આજે લોકોએ તેમના ચરિત્ર અને ચિત્ર બંનેને બગાડી નાંખ્યું છે. તેમના પિતા પવનકુમાર હતા જેમણે ગૃહસ્થાશ્રમમાં રહી ઉત્તમ બ્રહ્મચર્યનું પાલન કરી હનુમાન જેવા વીર સંતાનનું નિર્માણ કર્યું હતું.

આજની શિક્ષા પ્રણાલિ ગલત છે, તે કારણે બધા આશ્રમો દૂષિત છે. ઋષિ પરંપરા મુજબ વૈદિક શિક્ષા પ્રણાલિથી ઉત્તમ સંતાનનું નિર્માણ થઈ શકે છે. ત્રણ અનાદિ પદાર્થ - ઈશ્વર, જીવાત્મા અને પરમાત્મા વિષયક જ્ઞાન શિક્ષા પ્રણાલિમાં હોવું આવશ્યક છે.

આજની શિક્ષા પદ્ધતિમાં ઈશ્વર અને જીવાત્માની બાદબાકી થયેલી છે. આજના વૈજ્ઞાનિકોનું પ્રકૃતિ વિષયક જ્ઞાન પણ અધૂરું છે. બ્રહ્માંડ જુઓ, કેટલું વિશાળ છે? કેટલા બધા સૂર્યમંડળો છે? કહેવાય છે કે ૧ આકાશ ગંગામાં ૧૦૦ અરબ સૂર્યો છે. આવી ૧૦ ખરબ આકાશગંગા શોધવામાં આવી છે. બ્રહ્માંડ એટલું બધુ વિરાટ છે કે પ્રકાશના કિરણને તેના એક કિનારેથી બીજા કિનારા સુધી પહોંચતા ૧ લાખ વર્ષ લાગે છે. બ્રહ્માંડને સમજતા જાઓ, તે માટે ખૂબ સંશોધનો કરતા જાઓ, તેનો કોઈ અંત નથી. ભાવ એ જ છે કે આજની શિક્ષા પ્રણાલિમાં કેવળ પ્રકૃતિ જ્ઞાન નહીં, ઈશ્વર અને જીવાત્માનું પણ જ્ઞાન અપેક્ષિત છે. ત્રણ પ્રકારની વિદ્યાથી માનવનિર્માણ થઈ શકે છે. શુદ્ધ જ્ઞાન વેદાદિ શાસ્ત્રોમાં છે. પદાર્થમાં રહેલા ગુણોની યથાર્થ જાણકારી શુદ્ધ જ્ઞાન છે. શુદ્ધ જ્ઞાન પછી શુદ્ધ કર્મ અને પછી શુદ્ધ ઉપાસના પદ્ધતિ અપનાવવી જોઈએ. શુદ્ધ જ્ઞાન, શુદ્ધ કર્મ અને શુદ્ધ ઉપાસનાથી ઉત્તમ માનવ નિર્માણ સંભવી શકે છે. આજે જરુર છે સંગઠિત થઈ જવાની અને આજની શિક્ષા પદ્ધતિમાં સુધાર કરવાની. ઉત્તમ શિક્ષા પદ્ધતિનું અનુસરણ કરવામાં આવશે તો વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વ સ્તરે ઉત્તમતા આવશે.

આજની શિક્ષા પદ્ધતિમાં ધર્મને સ્થાન નથી, જે અતિઆવશ્યક છે. જેનાથી વ્યક્તિ ધાર્મિક બને તે ધર્મ છે. સત્યાચરણ ધર્મ છે. અહિંસાનું પાલન ધર્મ છે. ઈશ્વરે નિર્દિષ્ટ કરેલ ઉપદેશ ધર્મ છે. વેદમાં સત્યોપદેશ છે - પ્રત્યેક મનુષ્ય પ્રાણીમાત્ર સાથે મિત્રવત્ વ્યવહાર કરે. ધર્માચરણથી બાળક ઉત્તમ બને છે. બાળકોને ગૃહમા ભાષા, વ્યવહાર, શિષ્ટતા, ઉપાસના પદ્ધતિ વગેરેની સમજ આપો. તેઓના વિકાસ માટે માતા-પિતા સમય આપે. જરુર પડયે તેઓના સુધાર માટે દંડ કે શિક્ષા કરવામાં આવે, ધમકાવવામાં આવે. ઘણા દોષોનું નિવારણ દંડથી થતું હોય છે. આજના કાળમાં બાળકોને દંડ આપવો ગુનો માનવામાં આવે છે જે બિલકુલ ખોટું છે. બાળકોમાં આસ્તિકતા ભરો. ધર્મ વિષયક, ઈશ્વર વિષયક જ્ઞાન આપો. ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કર્યા વિના કોઈ પણ ધાર્મિક બની શકે નહીં. નિત્યપ્રતિ ઈશ્વરની ઉપાસના કરો. ઉપાસના કાળમાં મનને ગમે ત્યાં જવા ન દો. મનને અધિકારપૂર્વક ચલાવી શકાય છે. ધ્યાન માટે એ વાત નિશ્ચતપણે મસ્તિષ્કમાં બેસાડી દેવી જોઈએ કે મન આપોઆપ કશે જઈ શકતું નથી. શું ગાડી આપોઆપ ચાલે છે? શું પંખો આપોઆપ ફરે છે? ના, તેને ચલાવનાર કોઈ ચેતન તત્વ છે. મન તો જડ છે. તે આપોઆપ કશે જઈ ન શકે. તેને ચલાવનાર આપણે પોતે છે. આપણે ઈચ્છીએ તો જ જાય, અન્ય જગ્યાએ જઈ જ ન શકે. દ્રઢતાપૂર્વક સાવધાનીથી મનને જેમ ચલાવીએ તે પ્રમાણે જ ચાલે, કારણ કે તે જડ છે. ચેતન પ્રતીત થતું મન વાસ્તવમાં ચેતન છે જ નહિ અને તેમાં કદી ચેતનતા આવી શકે નહિ. બાળકોમાં આસ્તિકતા ભરતા રહો. તેઓને ધાર્મિક અને શ્રેષ્ઠ બનાવો. તેઓના સુધાર માટે પોતાનું આચરણ અને જ્ઞાન ઠીક કરી લો.

સુસંતાન જ સાચો દેશભક્ત, સાચો પિતૃભક્ત અને સાચો ઈશ્વરભક્ત બની શકે. તન, મન અને ધનથી એ જ સમર્પિત થઈ શકે જે ઈશ્વરોપાસના કરતો હોય. ઉત્તમ બનો અને ઉત્તમ સંતાનોનું નિર્માણ કરો. બધા એક થઈ જાઓ, સંગઠિત થઈ જાઓ. બહારના આક્રમણને રોકો, દુરાચારીઓને મારી ભગાવો. સાચા અર્થમાં ઈશ્વર ઉપાસક બનો.ઈશ્વર ઉપાસનાથી જીવન પલટાઈ જાય છે. ઈશ્વરના સ્મરણ વિના બધું જ નિરર્થક છે. તેનું સ્મરણ કરી સર્વકોઈ કૃતકૃત્ય થઈ જાય છે. **(સ્વામી સત્યપતિજીના વ્યાખ્યાનમાંથી)**

# શ્રી રામના ચિત્રની નહીં ચરિત્રની પૂજા કરો

મર્યાદા પુરુષોત્તમ શ્રી રામનું પાવન ચરિત્ર આજે લાખો વર્ષો પછી પણ પ્રત્યેક ઘર ઘરમાં પ્રેરણા અને માર્ગદર્શન કરી રહ્યું છે. તેનું સર્વાતિશય કારણ તેમનું વૈદિક-મર્યાદામય સમસ્ત જીવન. બાળપણથી લઈ જીવનપર્યન્ત તેમના જીવનમાં ક્યાંય મર્યાદાનું ઉલ્લંઘન કર્યુ હોય તેમ જોવા નથી મળતું. ભલે તેમનું વિદ્યાર્થી જીવન હોય કે ગૃહસ્થ, ભલે પ્રશાસક રુપમાં હોય કે ક્ષત્રિય રુપમાં હોય અથવા પિતા-પુત્ર, પતિ-પત્ની, રાજા-પ્રજા,સ્વામી-સેવક, ગુરુ-શિષ્ય કે ભ્રાતૃ રુપ કેમ ન હોય, સર્વત્ર એક નિયમિત આદર્શ જીવન મળવાથી જ તેમના નામની સાથે મર્યાદા પુરુષોત્તમ નામ જોડવામાં આવે છે, જે તેમના પાવન ઉજ્જવળ જીવનનું પરિચાયક છે. તેમના આ વિશેષણને આજ સુધી કોઈ મહાપુરુષ સર્વાંશમાં અપનાવી નથી શક્યો.

'આ મૃત્યુલોકમાં કોણ એવો મહાપુરુષ છે જે પરાક્રમી, ધર્મજ્ઞ, કૃતજ્ઞ, સત્યવાદી, દૃઢવ્રતી, સચ્ચરિત્ર, પરોપકારી, વિદ્વાન, શક્તિમાન, જિતેન્દ્રિય, સમદર્શી તથા અકુતોભય આદિ ગુણોથી સંપન્ન હોય.' ત્યારે આના ઉત્તરમાં નારદજી કહે છે - 'ભગવન! જોકે આપે જે સદ્‌ગુણોનું કથન કર્યુ છે તેનું કોઈ એક વ્યક્તિમાં સમન્વિત રુપમાં મળવું અતિદુર્લભ છે. પરંતુ ઈક્ષ્વાકુવંશમાં રાજા દશરથના પુત્ર શ્રીરામ જ આજકાલ એવા દિવ્યગુણોથી સંપન્ન છે, જેની વિમલ ધવલ યશઃપતાકા મર્ત્યલોકમાં સર્વત્ર નિર્વિરોધ લહેરાઈ રહી છે. શ્રીરામ સાક્ષાત્ ધર્માવતાર, તપસ્વી, ત્યાગી, જિતેન્દ્રિય, સમુદ્ર સમાન ગંભીર, વિષ્ણુસમાન પરાક્રમી, હિમાલય સમાન ધૈર્યવાન, ધર્મના રક્ષક, વેદવેદાંગોના વિદ્વાન, ધનુર્વિદ્યાના પારંગત, સત્યવાદી, સર્વપ્રત્યે સમતા રાખનારા, હૃષ્ટ-પુષ્ટાંગ પ્રજાના ધર્મપૂર્વક રક્ષક, સજ્જનોને પ્રિય પરંતુ શત્રુઓનું માનમર્દન કરનારા આર્યપુરુષ હતાં.'

તે મહાપુરુષની જન્મભૂમિની દુર્દશા તથા શ્રીરામના વંશજોની મનોવ્યથાનું કારણ છે કે શ્રીરામના ભક્તો તેમજ અનુયાયીઓનું કુત્સિત આચરણ તથા મહાન પરાક્રમી શૂરવીર ક્ષત્રિય શ્રીરામના ભક્તો દ્વારા રામની પ્રતિમાના કારણે અકિંચન અને અસહાય બનાવી દેવા, આવા કર્મઠ દિગ્વિજયી સમ્રાટના નામ ઉપર ભિક્ષાવૃત્તિ કરવી તેમજ મંદિરોના રક્ષણાર્થ યાચના કરવી એ સ્પષ્ટ કરે છે કે, શ્રીરામના ચિત્રને જ અપનાવવામાં આવ્યું છે, ચરિત્રને નહિ.જો તેમના ચરિત્રને અપનાવી રામના ભક્તો પોતાને યથાર્થમાં રામ જેવા બનાવવાનો પ્રયાસ કરે તો આ ધરાતળ પર એવા કયા માનવની શક્તિ છે જે શ્રીરામ પ્રત્યે સ્વપ્નમાં પણ દુર્ભાવના રાખી શકે.એવી કઈ માતાએ તેને દૂધ પાયું છે કે જે શ્રીરામની જન્મભૂમિ કે તેના ભક્તો તરફ કુદૃષ્ટિથી જોઈ શકે અને એવો કયો પોતાને શૂરવીર સમજતો શ્રીરામના ભક્તોને લલકારવાનો દંભ કે દુસ્સાહસ કરી શકે. જે શ્રીરામે સમુદ્રને પાર કરીને દંભી રાવણ જેવા પરાક્રમીને પણ તેની જ જન્મભૂમિ ઉપર ધૂળ ચાટતો કર્યો, એટલું જ નહિ તેના અનુયાયીઓ સહિત સમૂળ નષ્ટ કરી નાંખ્યા હતા.પરંતુ આજે તેના ભક્તોની પોતાની જ જન્મભૂમિ પર જે દુર્દશા થઈ રહી છે તેનું કારણ માત્ર શ્રીરામના ચરિત્રની પૂજા ન કરવી તે છે. આવો! તેના પાવન જન્મદિવસે આપણી હીનતા, દુરાવસ્થા પર ભેગા મળીને વિચાર કરીએ અને શ્રીરામના પાવન અને પ્રેરક જીવનચરિત્રમાંથી કંઈક શીખીએ. આર્યજગતના પ્રસિદ્ધ કવિ શ્રી રાધેશ્યામ એડવોકેટ શ્રીરામ પ્રત્યે ગુણસ્તવન કરતા લખે છે -

રાષ્ટ્ર-પુરુષ હતા, વિશ્વવિજેતા મર્યાદા પુરુષોત્તમ,
મહામનુજ હતા, સત્ય-શિવમ્ સુંદરથી પણ સુંદરતમ.
રવિકુલના રવિ બનીને તમે,
નષ્ટ કર્યુ હતું ભૂતળ-તમ,
યુગસ્રષ્ટા! હે યુગ પરિવર્તક!
તમે ઉત્તમથી પણ ઉત્તમ!
આર્ય પુત્ર! હે વેદ પથિક!
ભારતસુત! હે દશરથ નંદન!
રામ તમારા શત અભિનન્દન.

સંસારમાં આપણે જોઈએ છીએ કે જયારે આપણી ઈચ્છાપૂર્તિમાં કોઈ નાનામોટા આઘાત ઉપસ્થિત કરે છે ત્યારે આપણે તેઓ પ્રત્યે કુપિત જ નહિ, મરવા-મારવા માટે પણ તૈયાર થઈ જઈએ છીએ. પરંતુ શ્રીરામ અસાધારણ યોગીસમ સ્થિતપ્રજ્ઞ હતા જે મોટા મોટા અનેક દુઃખોના સમયે પણ તથા અપાર હર્ષના સમયે પણ લેશમાત્ર પણ વિચલિત થતા ન હતા. આથી જ મહર્ષિ વાલ્મીકિ રામનું ચરિત્ર ચિત્રણ કરતા લખે છે -

**आहूत स्याभिषेकाय विसृष्टस्य वनाय च । न मया लक्षित स्तस्य स्वल्पोयाकार विभ्रमः ॥**

અર્થાત્ જ્યારે રામને રાજતિલક માટે બોલાવવામાં આવ્યા તથા જે સમયે ૧૪ વર્ષનાં વનવાસ માટે કહેવામાં આવ્યું, ત્યારે રામના મુખ પર હર્ષ અને વિષાદ્‌ના કારણે કોઈપણ પ્રકારની હર્ષ-શોકની રેખા ન હતી. આ સમતા વેદજ્ઞ અને યોગી વ્યક્તિ જ રાખી શકે છે.

સંસારમાં અત્યાર સુધી ન જાણે કેટલાય રાજા રાજ્ય કરી ગયા પરંતુ આદર્શ રાજયની વાત તો રામરાજયની જ કરવામાં આવે છે. કારણ કે રામના રાજ્યમાં ગરીબ,અમીર, વિદ્વાન, નિર્બળ,બળવાન, બધા ધર્મપરાયણ,ન્યાયપ્રિય, પરસ્પર સહાનુભૂતિથી રહેતા હતા. ભક્ત કવિ તુલસીદાસ લખે છે -

**दैहिक, दैविक, भौतिक तापा**
**रामराज्य न हि काहहु व्यापा ॥**

વિશ્વના ઈતિહાસમાં શ્રીરામ સમાન પિતૃભક્ત રાજા મળતો નથી, જેની પ્રતિજ્ઞા હતી-

**अहं हि वचनाद् राज्ञं पतेयमपि पावके ।**
**भक्षमेयं विष तीक्ष्णंपतेयमपि चार्णवे ॥**

અર્થાત્ હું પૂજ્ય પિતાના વચન અનુસાર પ્રચંડ અગ્નિ તેમજ ગંભીર સાગરમાં પણ કૂદી શકું છું અને ભયંકર વિષનું પાન પણ કરી શકું છું.

શ્રીરામની ભાતૃ-ભક્તિ પણ પિતૃભક્તિ સમાન અનુકરણીય હતી. સંસારમાં પૈતૃક સમ્પદાના કારણે ભાઈ-ભાઈ વચ્ચે ઝઘડાઓ જોવા મળે છે અને રાજય માટે તો ખૂની ક્રાન્તિ પણ થઈ છે. પરંતુ રામની બધા જ ભાઈઓ સાથે કદી પણ કટુતા જોવા નથી મળી. તેમણે વિશાળ ચક્રવર્તી રાજ્યને પણ રમતના દડાની જેમ દૂર ફેંકી દીધું.અને રાજ્યસત્તા માટે પરસ્પર કદી ઝઘડા થવા ન દીધા.

સૂર્યવંશી રાજાઓની એવી પરંપરા હતી કે -

**रघुकुलरीति सदा चली आई ।**
**प्राण जायें पर वचन न जाई ॥**

રાજા હરિશ્ચંદ્રએ તો પોતાના વચન ખાતર રાજ્યપાદ આપી સ્વયં ચાંડાલના ઘરે નોકરી કરી અને પોતાની પ્રાણપ્રિય પત્ની અને રાજકુમારને પણ વેચી દીધા હતા. શ્રીરામે પણ કહ્યું હતું કે -

**अनीयात् सागरों वेलां न प्रतिज्ञामहं पितुः ।**

અર્થાત્ સાગર પણ પોતાની સીમાઓનું અતિક્રમણ કરી જાય, પરંતુ મેં જે પિતા સમક્ષ પ્રતિજ્ઞા લીધી હતી તેનું હું અતિક્રમણ કદાપિ નહીં કરું.

શ્રીરામે પૂર્ણ બ્રહ્મચર્યાદિ સદ્‌વ્રતોનું પાલન કરી શરીરને એવું સુદૃઢ તેમજ બળવાન બનાવ્યું હતું કે તેની સમાન વીરતા,ધનુષધારી, વિશાળવક્ષસ્થલાદિ ગુણોવાળા આ ભૂલોકમાં કોઈ જ ન હતું. શ્રીરામે તે સમયના મહાન વૈજ્ઞાનિક મહર્ષિ વિશ્વામિત્ર પાસેથી જ શસ્ત્રાસ્ત્રોનું પ્રશિક્ષણ લીધું હતું તેનું વર્ણન રામાયણમાં આ પ્રકારે મળે છે-

**धर्म-चक्र ततो वीर कालचक्रं कालचक्रं तथैव च । विष्णु चक्रं तथात्युग्र-मैन्द्रमस्त्र तथैव च ॥ वज्रमस्त्र नर श्रेष्ठ शैवं शूभवतं तथा । अस्त्र ब्रह्माशिरश्चैव ऐषीकमपि राघव ॥**

હે રામ!હું તને સમસ્ત દિવ્ય અસ્ત્રોનું પ્રશિક્ષણ દઉં છું, જેમાં ધર્મચક્ર, કાલચક્ર, વિષ્ણુચક્ર, અત્યુગ્ર, ઐન્દ્ર અસ્ત્ર, વજ્રાસ્ત્ર, શિવના શ્રેષ્ઠ શૂલ, બ્રહ્મશિરા તથા ઐષીક આદિ છે. આ પ્રમાણે અનેક શસ્ત્રો તેમજ અસ્ત્રોનું વર્ણન કરવામાં આવ્યું છે. જોકે આ શસ્ત્રાસ્ત્રોની પરિભાષા કરવી વર્તમાનમાં સંભવ નથી, પરંતુ એ તો સ્પષ્ટ છે કે શ્રીરામ ક્ષાત્ર ધર્મની રક્ષા માટે વીર,પરાક્રમાદિથી સંપન્ન બની શસ્ત્રાસ્ત્રવિદ્યામાં પણ નિપુર્ણ હતા. અને આજે તેના ભક્તોની કેવી દયનીય દશા છે? આ બાબતે વર્ણન કરતા અતીવ દુઃખ થાય છે. ભૌતિક સુખો પ્રત્યેની આસક્તિએ તો વૈદિક મર્યાદાઓને ધ્વસ્ત કરી નાંખી છે.બાલવિવાહ, સહશિક્ષા, અણમેળ

### ભૌતિક સુખો પ્રત્યેની આસક્તિએ તો વૈદિક મર્યાદાઓને ધ્વસ્ત કરી નાંખી છે. બાલવિવાહ, સહશિક્ષા, અણમેળ વિવાહ તથા ફિલ્મી નાચગાનોથી આજે રામ ભક્તો શારીરિક બળથી ખોખલા તેમજ હાડપિંજર સમાન બની ગયાં છે.

વિવાહ તથા ફિલ્મી નાચગાનોથી આજે રામ ભક્તો તો શારીરિક બળથી ખોખલા તેમજ હાડપિંજર સમાન બની ગયાં છે. વૈદિક શિક્ષણાલયો, અખાડા તેમજ બ્રહ્મચર્યની શિક્ષાના અભાવે આજનો યુવક યુવાવસ્થા પૂર્વે જ વૃદ્ધ દેખાવા લાગ્યો છે.શસ્ત્રાસ્ત્રોના પ્રશિક્ષણની વાત તો બહુ દૂર રહી, ઘરોમાં લાઠી, ડંડાનો પણ અભાવ થઈ ગયો છે. અને પૌષ્ટિક આહાર ન મળવાથી તથા માંસ-મદિરાદિ કામોત્તેજક પદાર્થોના આહાર વધવાથી રામના વંશજોની જે દુર્દશા થઈ રહી છે તેની વાત તો શું કહે, કોઈ મુસલમાન, કોઈ ઈસાઈ અને કોઈ પોતાનો જ ભાઈ શીખને મારી-કાપી નાંખવામાં આવે છે ત્યારે આ બિચારા ચિત્રના પુજારી 'રામ-રામ' નું રટણ કરતા 'મરા-મરા' કહેવા લાગે છે. શું વીર રામના ભક્તોની આવી કાયરતા તેના ચરિત્રની પૂજા ન કરવાથી નથી થઈ?

આપણે ખૂબ સૌભાગ્યશાળી છીએ કે આપણે આવા આદર્શ, સચ્ચરિત્ર, મહાન પુરુષના વંશજ અને અનુયાયી છીએ.આપણે પ્રતિવર્ષ શ્રીરામની પાવન સ્મૃતિમાં રામનવમી પર્વ ખૂબ ધૂમધામપૂર્વક ઉજવીએ છીએ, પરંતુ તેમના મર્યાદિત, સંયત આદર્શ ચરિત્રથી પરિવાર, સમાજ તથા રાષ્ટ્ર માટે કોઈ પ્રેરણા કે ચેતના નથી લેતા અને વર્તમાનના પારિવારિક, સામાજિક તથા રાષ્ટ્રીય સ્તર પર પ્રત્યેક જગ્યાએ વ્યાપ્ત અશાંતિ, સંઘર્ષ, અસંતોષ માટે કોઈ સમાધાન પણ નથી શોધી શકતા.શ્રીરામનું પાવન ચરિત્ર તેમના અનુકરણીય ગુણ-કર્મ-સ્વભાવ તથા આદર્શો તે સાર્વકાલિક, સાર્વદેશિક તથા સાર્વજનિક જીવનો માટે અનુપમ તેમજ ઉપયોગી છે.તે આદર્શો તો આજે પણ એટલા જ ઉપયોગી છે જેટલા શ્રીરામના સમયમાં લાખો વર્ષ પૂર્વે હતાં. તેમના જાજ્વલ્યમાન આદર્શો વર્તમાનમાં ભૂલ્યા-ભટક્યા માટે, લક્ષ્યહીન તેમજ અશાંત બનેલ ભારતીઓ માટે પ્રકાશ સ્તંભરુપ છે.શ્રીરામની જીવન પદ્ધતિ, આદર્શ રાજનીતિ અને જનસમાજમાં વ્યાપ્ત પ્રીતિ, આપણી વૈયક્તિક, પારિવારિક, સામાજિક,ધાર્મિક, આર્થિક તથા રાષ્ટ્રીય સમસ્યાઓનું સમાધાન કરવામાં પૂર્ણતઃ સમર્થ બની શકે એમ છે. આથી પાશ્ચાત્ય સભ્યતાનો અંધભક્તિથી પ્રાપ્ત ભોગવિલાસ તેમજ અનૈતિકતાઓના કારણે વ્યાપ્ત વર્ગ સંઘર્ષ, સાંપ્રદાયિકતા, ક્ષત્રિયવાદ આદિ વિષૈલા અને વિઘટિત કરનારા વિચારોને નષ્ટ કરી આત્મીયતા, વિશ્વબંધુત્વ, સર્વસમભાવ, પ્રાણીઓમાં સદ્‌ભાવના આદિ સંઘટન, એકતા તેમજ પ્રેમનો ભાવ ઉત્પન્ન કરવામાં શ્રીરામના જન્મદિવસથી પ્રેરણા લઈએ અને શ્રદ્ધાસહિત ભક્તજન શ્રીરામના ચરિત્રને અપનાવી પોતાનું, પરિવારનું,સમાજનું અને રાષ્ટ્રનું કલ્યાણ કરવાનો સત્પ્રયાસ કરીએ. -રાજવીર શાસ્ત્રી

॥ओ३म्॥

## मर्यादा पुरुषोत्तम श्रीराम

रामनवमी के अवसर पर, शुभ संकल्प लेकर ।
सत्यवादी सत्यमानी बनो, श्री राम के गुण ग्रहण कर ॥
पुरुषोत्तम वे कहलाये, श्रेष्ठ मार्ग पर चलकर ।
नित्य संध्या उपासना करते, विनयशील बनकर ॥
चौदह वर्ष वनवास जाकर, पितृवचन पालन किया ।
दैत्यों का दलन कर, वैदिक धर्म का रक्षण किया ॥
मातृभक्ति-पितृभक्ति गुरुभक्ति से तपकर ।
श्रेष्ठ गुणों को धारण किया, आज्ञाकारी बनकर ॥
संसार में प्रकाश फैलाया, तेद-ज्योति जलाकर ।
आर्यों की संस्कृति बचायी, वीरता दिखाकर ॥
प्रजाओं को सुखी करके, अयोध्या को स्वर्ग बनाया ।
दैनिक यज्ञ कर्म फैलाकर, घर घर में आनंद बसाया ॥
आदर्श मातृ प्रेम दर्शाया, भरत को राज्य देकर ।
सेवाकारी सदाचारी बनो, वेदज्ञ राम से शिक्षा लेकर ॥
ऊंचनीच का भेद मिटाया, शबरी के बेर खाकर ।
आदर्श मित्रता स्थापित की, सुग्रीव को गले लगाकर ॥
अश्वमेघ का अनुष्ठान करके, वैदिक साम्राज्य का विस्तार किया ।
ताडका का आतंक नाश करके, ऋषिमुनियों का उपकार किया ॥
आतंकवाद को दूर हटाओ, राम के गुणों को न भुलाकर ।
भारत में सुख शांति लाओ, ''राम राज्य'' बनाकर ॥
राजा राम के आदर्श को अपनाओ, राग-द्वेष हटाकर ।
विनती करे 'ओ३म् सेवक' सविनय शीश झुकाकर ॥

- ब्र. प्रशान्तार्य: दर्शनयोग महाविद्यालय, रोजड

# જે બુદ્ધિમાન તત્વવેત્તા હોય છે તે શ્રેય માર્ગને અપનાવે છે

## સત્યોપદેશ - ૨



ઉપદેશક - સ્વામી સત્યપતિજી
અનુ.- જયાબેન પોરિયા (યુકે) ૦૧

ઈશ્વર-પ્રાપ્તિ

૧. શું આપ સ્વયં ઈશ્વર-પ્રાપ્તિ કરવા માટે અને આખી દુનિયાને પણ ઈશ્વર-પ્રાપ્તિ કરાવવા માટેની યોજનાઓ રાખો છો ? જો નહીં, તો આપ શું કરી રહ્યા છો ? જ્યારે એવી યોજના જ નથી તો તેવી પ્રવૃત્તિ પણ નહીં હોય. જો ઈશ્વર-પ્રાપ્તિનું લક્ષ્ય નહીં હોય તો ભોગ-પ્રવૃત્તિ લક્ષ્ય હશે, કારણ કે જીવનની બે જ ધારાઓ હોય છે - એક આધ્યાત્મિક (ઈશ્વર-પ્રાપ્તિ) અને બીજી લૌકિક ( ભોગ-પ્રાપ્તિ). ઉપનિષદમાં કહ્યું છે -

श्रेयश्च प्रेयश्च मनुष्यमेतस्तौ सम्परीत्य विनिक्‍क्ति धीरः ।
श्रेयो हि धीरोभिप्रेयसो वृणीते प्रेयो मन्दो योगक्षेमाद् वृणीते ॥
(કઠોપનિષદ ૨/૨)

ભાવાર્થ : શ્રેય અને પ્રેય આ બે માર્ગ છે, જેમાં શ્રેય માર્ગ ઉત્તમ છે અને પ્રેય માર્ગ અધમ છે. વ્યક્તિની સામે જ્યારે બંને માર્ગ આવે છે ત્યારે જે ઓછી બુદ્ધિ હોય છે, બે સમજ હોય છે અને અવિદ્યાથી પરિપૂર્ણ હોય છે, તે પ્રેય-ભોગ માર્ગને અપનાવે છે અને જે બુદ્ધિમાન તત્વવેત્તા હોય છે તે શ્રેય માર્ગને અપનાવે છે.

इहचेदवेदीयथ सत्यमस्ति नोचेदिहावेदिन्महति विनष्टि : ॥

ભાવાર્થ : જો આ જન્મમાં ઈશ્વર-પ્રાપ્તિ કરી લીધી તો ઠીક છે, તેમાં સફળતા છે, અન્યથા મહાવિનાશ છે. અર્થાત ઈશ્વર-પ્રાપ્તિ જ જીવનનું મુખ્ય લક્ષ્ય છે, તેથી જે આ સંસારને સાધન માનીને ચાલે છે, તે બુદ્ધિમાન છે અને જે સંસારને સાધ્ય (લક્ષ્ય) માનીને ચાલે છે તે મૂર્ખ છે.

૨. વ્યક્તિએ એ નિર્ણય કરી લેવો જોઈએ કે મારું લક્ષ્ય ''ઈશ્વર પ્રાપ્તિ કરવું અને કરાવવાનું છે'' તેના અનુરુપ કાર્યને તે કરશે અને કરાવશે. શુભ કર્મ પણ એટલા માટે કરશે કે તે માને છે કે તેને ઈશ્વર મળશે.

૩. ઈશ્વર પ્રાપ્તિ = વૈદિક ઈશ્વરને જાણવા અને જણાવવા. આ શ્રેષ્ઠ કાર્ય છે અને આનાથી ઉત્તમ કોઈ પુરુષાર્થ નથી, તેથી તેને અગત્યનું કાર્ય માનીને કરવું જોઈએ.

૪. एतावान् अस्यमहिमाअतोज्यायांश्च पुरुषः ॥ આ મંત્રમાં દર્શાવવામાં આવ્યું છે કે, આ સમસ્ત સંસારમાં ઈશ્વરની મહિમા છે અને ઈશ્વર તેનાથી પણ મહા છે. ઈશ્વરના એક ભાગમાં આ સૃષ્ટિ છે અને બાકીના ત્રણ ભાગ કેવળ આનંદથી યુક્ત છે.

૫. જો ઈશ્વર-પ્રાપ્તિ જ મુખ્ય લક્ષ્ય હોય તો વ્યક્તિ એક ક્ષણ પણ ઈશ્વરને ભૂલીને ન રહી શકે. કારણ કે ઈશ્વર સાથે સંબંધિત રહેવાથી જ્ઞાન, વિવેક, સુખ વગેરે મળે છે. અને ઈશ્વરથી સંબંધિત ન રહેવાથી અથવા સંબંધ તૂટી જવાથી રજસ્-તમસ્ બંનેનો પ્રભાવ પડે છે. આનાથી લૌકિક વૃત્તિ અને લૌકિક જ્ઞાનથી વ્યક્તિ ઘેરાઈ જાય છે અને અધર્મ, અન્યાય વગેરે પાપ કર્મમાં પ્રવૃત્ત થઈ દુઃખરૂપી ઘોર અંધકારમાં ડૂબી જાય છે. આ એક સૂક્ષ્મ વિજ્ઞાન છે જેને સામાન્ય મનુષ્ય ઘણું કરીને સમજી શકતો નથી.

૬. આ ઈશ્વર-પ્રાપ્તિ લક્ષ્યને દ્રઢ બનાવવા માટે મનુષ્યે હરેક સમયે તે લક્ષ્યને ધ્યાનમાં રાખવું પડે છે. અત્યંત પુરુષાર્થ કરવો પડે છે. તેથી લગાતાર બધાં જ કાર્યો ઈશ્વર-પ્રાપ્તિને માટે જ હોવા જોઈએ. તેમ હોવા છતાં પણ જીવન શું છે, શા માટે છે વગેરે સૂક્ષ્મ વિષયોના વિષયમાં પણ વિચારતાં રહેવું જોઈએ. (ક્રમશઃ)

**વૈદિક ભજનોની ડીવીડી અને સીડી બહાર પાડનાર શ્રી આંબાલાલ ભવાનભાઈ પટેલે જૂના અને દૂર્લભ વૈદિક ભજન જો હોય તો તે ભજનો નીચેના સરનામે મોકલી આપવા વિનંતી કરી છે. આ વૈદિક ભજનોની ઓડિયો સીડી બહાર પાડવામાં આવશે.**

**શ્રી આંબાલાલ ભવાનભાઈ પટેલ**
**'સંતોષ ટાઈમ', લાતી પ્લોટ, મોરબી.**
**અથવા**
**'સંતોષ' શ્રીજી પાર્ક સોસાયટી, શનાળા રોડ, મોરબી.**
**ફોન : ૦૨૮૨૨-૨૫૦૯૮૬**
**મો. : ૦૯૯૭૯૮૭૩૭૭૮**

ઓ૩મ્ અગ્નિપથ

- સાંપ્રત ઘટનાઓનું આદર્શ દૃષ્ટિકોણથી વિવેચન.
- વૈદિક સાહિત્યના ગહન સિદ્ધાંતોનું સરળ પ્રસ્તુતિકરણ.
- વેદ-દર્શન-ઉપનિષદ જેવા આધ્યાત્મિક ગ્રન્થોમાં નિહિત જ્ઞાનની સરળ પ્રસ્તુતિ.
- બાળકો માટે ઉપદેશ કથા.
- સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી.
- વૈદિક વિદ્વાનોના ચિંતનાત્મક લેખો.
- ગુજરાતના આર્યસમાજોના કાર્યક્રમોના સમાચારો.
- રાષ્ટ્રિય અને સાંસ્કૃતિક ગૌરવના ભાવ ભરતું એકમાત્ર ક્રાંતિકારી સાપ્તાહિક.

**વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-**
**આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-**

: કાર્યાલય :
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧
E-mail : agnipathgnr@gmail.com

અગ્નિપથ કાર્યાલયને પત્ર અથવા ઈ-મેલથી જાણ કરી આપ લવાજમ બેંકમાં જમા કરાવી શકો છો.
AGNIPATH A/c No. 24640200000387
Bank of Baroda, Vidhansabha Branch, Gandhinagar.

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT MUDRANKAN OFFSET, PLOT NO. 905/5/B, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR.
PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021. PHONE : (079) 23210071 E-MAIL : agnipathweekly@yahoo.com